


## સલામી સવારની..

*હિઝબૂલ-હુર્રિયત આપસમાં મપાઈ જશે!*
*મહત્ત્વાકાંક્ષાની કરવતથી જ કપાઈ જશે!*
*ખપાઈ જશે કાશ્મીરીઓ નેતૃત્વના ખપ્પરમાં -*
*સત્તાના આ હવનકુંડમાં સૈન્ય હોમાઈ જશે!*

હાઈકુ

*ખૂટલ નીતિ*
*ફૂટલ સુરક્ષાથી -*
*લૂંટાય બેંકો*

*વહ્યા કરે છે*
*ઉદ્‌ઘાટન પ્રસંગે -*
*નર્મદા નીર...*

## ચિંતન

*અદૃઢં યદ્ હતં જ્ઞાનં પ્રમાદેન હતં શ્રુતમ્ ।*
*સ્નિગ્ધો હિ હતો મન્ત્રો વ્યગ્રચિત્તો હતો જપઃ ॥*

**ઉપરોક્ત શ્લોક શ્રીમદ્ દેવીભાગવત્‌માંથી લેવામાં આવેલ છે.**

**દૃઢતા વિનાનું જ્ઞાન વ્યર્થ છે, અને વ્યગ્ર ચિત્તે કરેલા જપનું કંઈ ફળ મળતું નથી. સંદેહ યાને તર્ક કરવાથી, મંત્ર અને ચિત્તના અહીંતહીં ભટકવાથી જપ ફળદાયી થતા નથી.**

**ઘરે-કચેરીનું કોઈ પણ કામ મન-હૃદયના ઉત્સાહથી ચોકસાઈપૂર્વક ચોક્કસ રીતે સમયસર - સાચવીને જ કરવું જોઈએ - વેઠથી કરેલું કામ, તમને અને કામને નિષ્ફળ કરે છે એવું કામ કરવા કરતાં ન કરવું સારું.**

## સુવિચાર

- સંવાદી હોવું, વિવાદી નહિ, વિગ્રહવાહી નહિ, સંવાદી હશો તો સુમેળ સાધી શકશો, તો ઈશ્વર ને પ્રિય હશો - **માનસસૂત્ર**
- જીવનયાત્રામાં જેટલી ગ્રંથિઓ વધારે, જીવનયાત્રા એટલી ટૂંકી - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રમાદ તાપ છે, મૃત્યુ પોતાનું જડબું ખોલીને કોઈને મારતું નથી, પણ પ્રમાણ જ માણસને મારે છે - **મોરારિ બાપુ**
- વિષાદ આપણા જીવનને ગ્રસી ન લે, સંદેહ આપણા જીવનને ડસી ન લે - **મુંબઈ સમાચાર**
- માનવીનાં જીવનાં શ્રેષ્ઠ મૂલ્યો એના ઓશિકા નીચે જ પડ્યા છે, જેને મેળવવા માટે ઓરડા જેવી આખી દુનિયામાં ફાંફા મારે છે પરંતુ ખુદનાં તકિયા ને તપાસતો નથી - **મલેશિયન કહેવત**
- જીતની ભાષા ભૂલો, જીવવાની ભાષા શીખો - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : અળાઈ ઉપર હરડે તથા ફટકડીને પાણીમાં બોળી તે પાણી અળાઈ પર લગાવવાથી અળાઈ મટે છે **(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

પુરુષાર્થ-પરિશ્રમનું જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે પોતાનું કામ તો જાતે જ કરવું જોઈએ.

પુરુષોત્તમદાસ ટંડન ભારતની હિન્દી સાહિત્ય સભાના પ્રમુખ હતા. એકવાર લખનૌમાં વાર્ષિક સાહિત્ય સંમેલન ભરાયું અને મોટા મોટા હિન્દી મહારથી સાહિત્યકારો સંમેલનમાં ભાગ લેવા આવ્યા હતા.

સંમેલનના પ્રથમ દિવસે ઉદ્‌ઘાટનના સમયના અડધો કલાક પહેલાં ટંડનજી પોતાના કપડાં જાતે ધોઈ રહ્યા હતા. એ જોઈને એમના એક સાહિત્યકાર મિત્રએ હ્યું, 'ટંડનજી આપણે સંમેલનમાં પહોંચતા મોડું થશે અને વળી અહીં લોન્ડ્રીની વ્યવસ્થા છે, તમે શા માટે કપડા ધોવાની તકલીફ કરો છો.' ટંડનજીએ કહ્યું, 'હું સમય પાલનમાં પણ ચોક્કસ છું એટલે સંમેલનમાં સમયસર પહોંચી જઈશ અને રહી વાત કપડા ધોવાની તો હું હંમેશા મારું કામ જાતે જ કરું છું અને મારે મન પોતાનું કોઈ કામ નાનું નથી જ, હું સાહિત્ય પરિષદનો સ્વયં સેવક છું. પ્રમુખની જવાબદારી તો કાર્યનો એકમાત્ર ભાગ છે, મને આવું આટલું બધું મહત્ત્વ આપવાની જરૂર નથી.'

પેલા મિત્રએ મનોમન ટંડનજીને વંદન કર્યા.

# બાપુની ઉદાસીનતા કોંગ્રેસને પોસાય નહીં

તંત્રીસ્થાનેથી...

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો પગરવ સંભળાઈ રહ્યો છે ત્યારે પાર્ટીના વરિષ્ઠ નેતા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના સન્માનનીય નેતા શંકરસિંહ વાઘેલાનું વલણ પાર્ટી માટે ખરેખર ચિંતાપ્રેરક છે. ભલે ભારતીય જનતા કુળના હોય પરંતુ 'બાપુ' ના હુલામણા નામે ગુજરાતના માસ લીડર તરીકે શંકરસિંહ વાઘેલા આગવી લોકપ્રિયતા ધરાવે છે. કોંગ્રેસ પાસે ભૂતકાળમાં ક્ષત્રિય સમાજમાંથી માધવસિંહ સોલંકી અને પાટીદાર સમાજમાંથી ચીમનભાઈ પટેલ જેવા માસ લીડરશીપ ધરાવતા નેતાઓ હતા. એમની પેઢી હવે પૂરી થઈ ચૂકી છે ત્યારે શંકરસિંહ વાઘેલા જેવા લોકપ્રિય ક્ષત્રિય નેતાની ઉદાસીનતા અને નિષ્ક્રિયતા કોંગ્રેસ માટે ઘણી જ હાનિકારક સાબિત થઈ શકે એમ છે. શંકરસિંહ વાઘેલાએ ભાજપની તત્કાલિન નેતાગીરી વિરુદ્ધ બળવો ન પોકાર્યો હોત તો આજે ગુજરાત અને દેશની રાજનીતિમાં સમીકરણો જુદાં જ હોત, એટલું તો ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી પણ સ્વીકારતાં હશે. ગુજરાતમાં જનસંઘ અને તે પછીની ભારતીય જનતા પાર્ટીની પાયાની ઈંટોમાં કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલાનો સૌથી વધુ પાળો રહ્યો છે તે કોણ નથી જાણતું ? સત્તાની ભૂખ કહો કે અંગત રાગદ્વેષ : આ બે નેતાઓ એકમેકની સામે પડ્યા એથી સરવાળે તો બેઉની દુર્દશા થઈ છે. એ જુદી વાત છે કે કેશુભાઈ પટેલ ફરી એક વાર મુખ્યમંત્રી પદે આરૂઢ થઈ શક્યા અને મૂળે આર.એસ.એસ. તથા ભાજપ સાથે નાતો ધરાવતા પ્રભાવશાળી ક્ષત્રિય નેતા શંકરસિંહ વાઘેલાનો કોંગ્રેસની તત્કાલીન નેતાગીરીએ કેન્દ્ર સરકારના વસ્ત્રમંત્રી તરીકે શંકરસિંહ વાઘેલાની કામગીરી પ્રશંસનીય રહી હતી એટલે સ્વાભાવિક રીતે જ તેઓ ગુજરાતમાં એક વાર થોડા વખત પૂરતું પ્રાપ્ત થયેલ મુખ્યમંત્રીપદું પુનઃ મેળવવાની એષણા રાખે. એ દિશામાં એ હરહંમેશ સંનિષ્ઠ પ્રયાસ કરતા રહ્યા, પરંતુ છેલ્લા બે દાયકાઓ દરમિયાન ગુજરાતમાં કેસરિયા પાર્ટીનો જ પ્રભાવ રહેતાં એમની એ ઈચ્છા બર નથી આવી શકી. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હતા ત્યારે બાપુએ એમની આગવી 'શક્તિસેના' ઊભી કરીને પોતાની તાકાત દર્શાવવા પ્રયાસ કરેલો. તે વખતના વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીથી લઈ કેન્દ્ર ખાતે કોંગ્રેસના સૌથી પ્રભાવશાળી અગ્રણી અહમદ પટેલને બાપુનું આ પગલું ગમ્યું નહોતું. આખરે બાપુએ પાર્ટી હાઈ કમાંડની આજ્ઞા માથે ચડાવી શક્તિસેના વિખેરી નાખવી પડી હતી. તે જ વખતે બાપુને કોંગ્રેસમાં એમનું કેટલું ઊપજી શકે, એનો અંદાજ તો આવી જવો જોઈતો હતો, પરંતુ કોંગ્રેસ સાથે જીવન જોડ્યા પછી ફરી વાર પાછા ફરવાનું સ્વમાની ક્ષત્રિય નેતાને ન જ ગમે તે સમજી શકાય એમ છે. આગામી ચૂંટણીઓમાં હાઈકમાંડ પોતાને મુખ્યમંત્રીપદના ઉમેદવાર તરીકે જાહેર કરે એવી બાપુની ઈચ્છાને નકારી દઈ પાર્ટીએ એમની રહીસહી મહત્ત્વાકાંક્ષા પર પાણી ફેરવી દીધું છે. આથી કોંગ્રેસને ફાયદો થશે કે નુકશાન - એ તો સમય જ કહેશે. પરંતુ નિખાલસ પ્રકૃતિના ક્ષત્રિય નેતાએ પોતે મુખ્યમંત્રી પદની રેસમાં નથી અને કદાચ ચૂંટણી લડવાનું પણ ટાળશે - એ મતલબનું નિવેદન કરી કોંગ્રેસને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દીધી છે. બાપુ ભાજપમાં જોડાય એ શક્ય જ નથી, પરંતુ ચૂંટણી પ્રચારમાં જો તેઓ નિષ્ક્રિય રહેશે તો એથી પાર્ટીને જરૂર નુકશાન જ થશે, એમાં શંકાને સ્થાન નથી.

# માત્ર 'હા' એ 'હા' કરનારા લોકો અંતે તો રાષ્ટ્રને નુકસાન કરતા હોય છે




"જે ચિત્ર અદ્દલ મારા જેવું લાગશે તેને હું મોટું ઈનામ આપીશ." રાજાએ કહયું.

રાજા દરબાર ભરીને બેઠા હતા. એકવાર દરબારમાં ત્રણ જાણીતા ચિત્રકાર આવ્યા. "તમે ત્રણેય મને મારું ચિત્ર બનાવી આપો." રાજાએ કહયું હતું.

યુધ્ધ દરમિયાન રાજાને એક આંખમાં ઈજા થયેલી. તેથી તે એક આંખે કાણો થઈ ગયો હતો. હવે ચિત્રકારોને માથે મોટું સંકટ આવી પડયું હતું. કાણા રાજાનું ચિત્ર દોરવાનું હતુ. રાજા-વાજા-ને વાંદરાનો કોઈ ભરોસો નહિ. જો ચિત્રમાં કંઈ ખોડ રહી તો રામ રમી જવાના હતા. તેથી ચિત્રકારો ટેન્શનમાં હતા.

પહેલા ચિત્રકારે વિચાર્યું, જો રાજાની એક આંખ કાણી ચીતરીશ, તો રાજા મારી પર ગુસ્સે થઈ જશે. ઈનામ તો બાજુ પર રહયુ, ઉલ્ટાનું રાજા મારી આંખો લઈ લેશે. મને સજા કરશે. તેથી તેણે રાજાની બન્ને આંખો સાજી બતાવી.

બીજા ચિત્રકારે વિચાર કર્યો, જે થવાનું હોય તે થાય. મારાથી ખોટું ચિત્ર નહિ બને. રાજા કાણો છે તો ચિત્રમાં પણ એક આંખ નહિ જ બતાવવાની, એ જ યોગ્ય છે. ખોટુ ચિત્ર બનાવવું શા માટે ? એમાં છુપાવવાનું શું ? રાજા કાણા છે તો છે. તેણે કાણી આંખવાળા રાજા દોર્યા.

ત્રીજાએ પણ ચિત્ર શરૂ કરતાં પહેલાં ઘણો વિચાર કર્યો. છેવટે ચિત્ર દોરીને તેણે રાજા સમક્ષ રજૂ કર્યુ. રાજાએ ત્રણેય ચિત્રો નિહાળ્યા બાદ ત્રીજા કલાકારને સોનામહોર અને ઈનામથી નવાજયો. ચિત્ર જોઈ રાજા ખુશ ખુશ થઈ ગયો. દરબારીઓએ અભિનંદનની વર્ષા કરી. સવાલ એ હતો કે ત્રીજા ચિત્રકારે એવું તે શું દોર્યુ કે રાજા ખુશખુશાલ થઈ ગયો.

ત્રીજા ચિત્રકારે રાજાના હાથમાં તીર-કામઠું લઈને, એક આંખ બંધ કરીને પક્ષીનો શિકાર કરતા હોય તેવું તૈલચિત્ર દોર્યું. રાજાની કાણી આંખ તેણે બંધ બતાવી બસ.!

અહીં ત્રણ જુદા જુદા દષ્ટિકોણ રજૂ થયા છે. પ્રથમ પ્રકારના ચિત્રકારોથી જગત ઊભરાઈ રહયું છે. સામેવાળાને શું લાગશે? લોકો શું કહેશે ? વગેરે પ્રશ્નોમાં પોતાનું કૌવત ગુમાવી બેસે છે. તેમનું આખુ જીવન લોકોના અભિપ્રાય પર ચાલતુ હોય છે. સ્વયંના ઓપિનીયનની કોઈ કિંમત નહિ પણ લોકોના અભિપ્રાયને માથે ચઢાવતા જોવા મળે. રાજાને ખરાબ ન લાગે તે માટે સાચી હકિકત છૂપાવનારા ભરોસાપાત્ર કહી શકાય નહિ. માત્ર હા એ હા કરનારા લોકો અંતે તો રાષ્ટ્રને નુકસાન કરતા હોય છે.

હવે, બીજા પ્રકારના લોકો જે હંમેશા સાચુ બોલવા ટેવાયેલા હોય છે. આ લોકો 'હું સાચું બોલું છું.' - એવું બતાવવામાં અને દેખાડી દેવામાં વધુ માહિર હોય છે. 'જૂઠ્ઠુ તો આપણને ફાવે જ નઈ ને' વગેરે જેવા લટકણિયાં સાથે સમાજમાં ફરતા જોવા મળે.સત્ય મોટુ છે એના કરતા 'હુ સત્ય બોલુ છું' એ વાત તેઓ સમાજ ને દેખાડી દેવા માંગતા હોય છે.

ત્રીજા ચિત્રકારે જીવનનો વ્યવહારું માર્ગ અપનાવ્યો છે. જેમાં ખોટું તો નથી જ અને સાચને ઉની આંચ નહિ! આજે સમાજમાં વ્યવહારું અભિગમનો સદંતર દુકાળ વર્તાય છે. સત્ય હજમ ન થઈ શકવાને કારણે તે સત્ય હોવા છતાં એવરેજ સમાજમાં ઓછુ સ્વીકાર્ય બને છે. સાચને કહેવાની અને સમજવાની દરેકની પારાશીશી અલગ અલગ હોય છે.

ત્રીજા ચિત્રકારનો ઉકેલ વ્યવહારું છે. તીર-કામઠું એ પ્રતીકાત્મક છે.રાજાના હાથમાં તીર-કામઠું પકડાવવું એ વ્યવહારું અભિગમ છે.સૌને ગમે. સૌ તેને મંજૂર રાખે. તે અસત્ય નથી અને સત્ય ને છુપાવવાની કોઈ વાત નથી. વ્યવહારું અભિગમ અપનાવનારા ઝડપથી સફળ થતાં હોય છે. જુઠ્ઠુ ય ન બોલવું , સત્ય જ બતાવવું અને સ્વીકાર્યા વગર છુટકો નહિ. ગમ્મે તેવા આકરા મુદ્દાને પણ પોતાની પ્રત્યાયનની આગવી પધ્ધતિથી રજૂ કરનાર હંમેશા સફળ થતા હોય છે. વ્યવહારું અભિગમ આજની એન્ડ્રોઈડ પેઢી ને ગમે છે તેથી સ્વીકારે છે.

મિસરી

"કડવા બોલને વાલા શહદ નહિ બેચતાં
ઔર
મીઠા બોલને વાલા ઝહરભી બેચ દેતા હૈ."

- santoshdevkar03@gmail.com

# અણધાર્યા આવી પડે ઘટમાં દુઃખના ઘા, નાભિથી વેણ નીકળે, મોઢે આવે 'મા'




મા, મા સંવેદના હે, ભાવના હે, અહેસાસ હે,
મા જીવન કે ફૂલો મેં ખૂશબો કા વાસ દે
મા રોતે હુએ બચ્ચે કા ખુશ્નુમા પાલના હે,
મા મરુથલ મે નદી યા મીઠા સા ઝરના હે.
મા લોરી હૈ, ગીત હે, થાપ હૈ
મા પૂજા કી થાલી હૈ મંત્રો કા જાપ હૈ
મા આંખો કા સીસકતા હુઆ કિનારા હૈ
મા ઝુલસતે દિનો મેં કોયલ કી બોલી હૈ
મા કલમ હૈ, સિયાહી હૈ
મા પરમાત્મા કી સ્વયં એક ગવાહી હૈ
મા ત્યાગ હૈ, તપસ્યા હૈ, સેવા હૈ
મા ફૂંક સે ઠંડા કીયા હુઆ કલેવા હૈ
મા અનુષ્ઠાન હૈ, સાધના હૈ, જીવન કા હવન હૈ
મા જિંદગી કે મહોલ્લો મેં આત્મા કા ભવન હૈ
મા કાશી હૈ, કાબા હૈ ઔર ચારો ધામ હૈ
મા ચિંતા હૈ, યાદ હૈ, હિચકી હૈ
મા બચ્ચે કી ચોટ પે સિસકી હૈ
મા ચૂલ્હા, ધૂઆ, રોટી ઔર હાથ કા છાલા હૈ,
મા જિંદગી કી કડવાહટ મેં અમૃત કા પ્યાલા હૈ
મા પૃથ્વી હૈ, જગત હૈં, ધૂરી હૈ
મા બિના ઈસ સૃષ્ટિ કી કલ્પના અધૂરી હૈ યે અધ્યાય નહિ
હૈ ઔર મા કા જીવન મેં કોઈ પર્યાય નહિં હૈ
મા કા મહત્ત્વ દુનિયા મેં કમ હો નહિ સકતા
ઔર મા જૈસા દુનિયા મેં ઐર કુછ હો નહિ શકતા

- હરિવંશરાય બચ્ચન

વાચ્યું ઉપરનું મહાકાવ્ય, ફરીવાર વાંચી જાવ, એક પંકતિ બે વાર રિપીટ કરજો. આમ તો મા વિશેનું આ મહાકાવ્ય મૂક્યા પછી આગળ લખવું એ કૂદકો મારીને ભાસ્કરને આંબવા જવું છે. પણ માની વાત આવે અને દીકરો મૂંગો કેવી રીતે રહી શકે!

આ કવિતા મને મારા મિત્ર પાસેથી મળી, વચ્ચે હમણાં 'સહારા વન' ઉપર હરિવંશરાય બચ્ચનની કવિતાઓના પઠનનો કાર્યક્રમ હતો, તેમાંથી તેણે લીધી હતી, અને પછી તેણે મમ્મીના જન્મદિવસે ૮'' - ૧૦' ના પેપર ઉપર કવિતાની પ્રિન્ટ આઉટ કાઢીને ઉપર તેની મમ્મીનો ફોટો મૂક્યા બાદ લેમીનેટ કરીને ભેટ આપી. અદ્‌ભૂત ઉપહાર ! આજે જયારે આર્ચીઝનું કાર્ડ આપીને પ્રસંગનો શિષ્ટાચાર પતાવવાની પ્રણાલી પડી ગઈ છે, ત્યારે આવો ભાવનાત્મક વિચાર આવે અને સુંદર તેને સ્વરુપ મળે એ અત્યારના યાંત્રિક યુગમાં રણમાં મીઠી વીરડી સમાન છે. સલામ દોસ્ત તારી ભાવનાને! આખરે મિત્ર તો મારો ને ! ખરે, મજાક કરું છું, પણ આવી ઉમદા વિચારસરણી પાછળ પણ એક માના જ સંસ્કાર છે ને !

મા એક એવી અભિવ્યક્તિ છે કે જેને તમે શબ્દોમાં ગમે તેટલી ઉતારવાનો પ્રયત્ન કરો, ઉણપ રહી જ જાય, અને મા વિશે લખવાનો આજે જે લૂલો પ્રયત્ન કર્યો છે તે અગાઉ પણ મા વિશે કેટલું બધું લખાઈ ચૂક્યું છે, વકતવ્ય અપાયા છે. પણ મા એ કોઈ વિષય નથી કે જેને તમે ચોક્કસ સીમામાં બાંધીને લખી કે બોલી શકો, બસ તમે નિરંતર અનુભવ કરો તેના નિઃસ્વાર્થ પ્રેમનો. કહે છે કે ભગવાન બધે ન પહોંચી શક્યા એટલે એમણે દરેક ઘરમાં મા મૂકી. મા, એ તો આપણા ઘરમાં હાલતું ચાલતું તેજપૂંજ છે. ગુણવંત શાહ કહે છે તેમ, 'માતાએ ઈશ્વરની એલચી છે, એમ્બેસેડર છે.'

ખરેખર તો મા વિશે આટલા બધા વિશેષણ, રૂપકો આપવાની આવશઅયકતા જ નથી, માતા, મમ્મી, મોમ, જનની, આઈ, મા કોઈ પણ રીતે બોલાવો, હૃદયના ઊંડાણથી ઉદ્‌ભવતો આ શબ્દ બોલવાથી જ ઉચાટ મનને શાંતિ મળે છે. પિંગળશી ગઢવી કહે છે કે -

અણધાર્યા આવી પડે ઘટમાં દુઃખના ઘા -
નાભિથી વેમ નીકળે, મોંઢે આવે 'મા'

પગમાં ઠેસ વાગે ને મા યાદ આવે, જીવનમાં ઠેસ વાગે ને મા યાદ આવે, હતાશ હોઈએ કોઈ માર્ગ ન સૂઝતો હોય મા નો ખોળો યાદ આવે, અથવા તો સફળતાના માર્ગે આગળ વધતા હોઈએ ને પાછળ વળીને મા જે જોવાથી હિંમત વધે, મા મા મા બસ મા છે.

દરેક માને એના સંતાન પર અપાર પ્રેમ હોય છે, પછી એ ગાંડો હોય, અવિવેકી હોય, સમાજમાં બધેથી એ બહિષ્કૃત થાય ત્યારે બસ આવા ગાંડાની માલિક ફક્ત મા જ થાય. દેખીતી રીતે નાળિયેર જેવી મા ઉપરથી કડક અને અંદરથી પોચી હોય છે, બાળકને માર પણ મા જ મારે છે અને વહાલ પણ મા જ કરે છે. ગુસ્સામાં બે વેણ જ બોલાઈ ગયા હોય તો તેના સંતાનને મનાવ્યા વગર તે જમી નથી શકતી. આવો હોય છે મા નો પ્રેમ ! પણ સાચું કહું તો માના પ્રેમની ઊંડાઈ માપવા માટે આપણી મેજરટેપ એટલે કે મન ખૂબ જ નાનું છે, તેના અમાપ પ્રેમ અને અતૂટ મમતાનો મોલ અનમોલ છે.

હરિન્દ્ર દવેએ તેમના એક વકતવ્યમાં ઉલ્લેખ કર્યો હતો કે, માની આંગળીમાં કેવો અભય છે તેનો ખ્યાલ કોઈ બાળકને માની આંગળી પકડીને જતો જોઈએ આવે છે. બાળક માની આંગળી પકડીને ચાલે ત્યારે ગમે તેવો ગીચ રસ્તો હોય એને ચિંતા નથી હોતી, પરંતુ ઘરના દરવાજા પાસે આવીને મા ચાવી શોધવા એકાદ ક્ષણ બાળકની આંગળી છોડી દે તો બાળક બેબાકળું બની જાય છે.

પણ આપણી કમનસીબી છે કે એ આપણે મોટા થયા પછી માતાની એ જ આંગળી છોડાવીને એકલા ભાગવાનું પસંદ કરીએ છીએ. આપણે મોટા ઘણા જલ્દી થઈ જઈએ છીએ. અને એક માની નજરમાં સંતાન કયારેય મોટું થતું નથી. મોટા થયા પછી જીવનની દોડધામ અને એક પછી એક નવા સંબંધો જોડાયા જાય તેમ સંતાનનો પ્રેમ વહેંચાતો જાય, ત્રિશંકુ જેવી હાલતમાં ફસાયેલા સંતાનો ઘરની જવાબદારીમાં અટવાતા રહી જાય છે. બાળપણમાં નાની-નાની વાતમાં લોકો સાથે આપણી સાથે ઝઘડો વ્હોરી લેતી મા, આજે મોટા થયા પછી આ દંભી દુનિયા સામે, સ્વાર્થી લોકો જયારે હેરાન કરતાં હોય ત્યારે મન તો ઘણું થઈ આવે કે મમ્મીનો સાડીનો છેડો પકડીને તેનું પીઠબળ લઈએ, મા આ બધાને વઢી નાંખે, પણ આવું કરતા આપણે ખચકાઈએ છીએ, તેની હૂંફ, મમતાની જરૂર છે પણ કોણ જાણે કેમ કયું પરિબળ આપણને ફરી પાછા નાના બાળક બનતા અટકાવે છે, અને પછી હવાતીયા મારીએ છીએ. ટળવતા રહીએ છીએ, નિખાલસ નથી થઈ શકતા, મુક્ત મને કહેતા નથી કે 'મા મને તારા ખોળામાં સુવા દે, મને ઉંઘ નથી આવતી, તારા હાથે કોળિયો ભરવા દે, તારા હાલરડાં સાંભળવા છે.'

શીતળતા પામવાને માનવી, તુ દોટ કાં મૂકે ?
જે માની ગોદમાં છે તે હિમાલયમાં નથી હોતી.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સંગાથે સુખ શોધીએ, રચીએ એક હૂંફાળો મારો




'લગ્ન જીવનના ૫૭ દિવસો પસાર થાય ત્યાં પણ અનેક પ્રશ્નો ઉપસ્થિત થાતા આપણે સમાજમાં જોયા છે. ત્યારે ૫૭ વર્ષનું દાંપત્ય જીવન પ્રસન્ન બનીને માણવું એ જ સ્વયં એક ઉત્સવની ઘટના છે.'

કવિ અને કાર્યક્રમ સંચાલક તુષાર શુક્લે ભાવનગરમાં એક પારિવારિક પ્રસંગે પ્રવચન કરતા આ શબ્દો કહ્યા ત્યારે પ્રસન્ન દાંપત્યના જીવંત પાત્રો કાકુભાઈ ચોકસી અને નીરુબેન પ્રસન્નતાનો પમરાટ ફેલાવી રહ્યા હતા.

વ્યવસાયે સોની એવા કાકુભાઈને ત્યાંથી સોના-ચાંદીના દાગીના જેમણે ખરીધ્યા તે સહુના લગ્નજીવન હંમેશા સુખી રહે તેવી મંગલકામના વ્યક્ત કરીને એમણે બે પાત્રોને અને બે પરિવારોને જોડવાનું કાર્ય કર્યું છે. શ્રીનાથજી બાવાની અસીમ કૃપાથી વ્યાવસાયિક અને પારિવારિક જીવનમાં સફળતા અને આનંદ બંને પામ્યાનો તેમને સંતોષ છે.

૧૯૪૨માં જન્મે એટલે ઉંમર વર્ષ ૭૫થી વધું, પરંતુ યુવાની જાણે ફાટફાટ થાતી હોય એવો જુસ્સો ને કાર્યશક્તિ એમને મળેલી ઈશ્વની દેન છે.

છ દાયકા પહેલા ફર્સ્ટ કલાસ મેટ્રીક પાસ કર્યું હતું. ઈચ્છા તો પાયલોટ બનવાની હતી પણ સમય-સંજોગને અનુસરીને વારસાગત વ્યવસાય અપનાવ્યો સોની કામનો અને વહન કર્યું કૌટુંબિક જવાબદારીઓનું.

દીર્ઘદૃષ્ટિ - તર્કશક્તિ - પરિશ્રમ અને આવેલી તકને ઝડપવી એ કુશલતા સહજપણે હસ્તગત હતી એટલે ધંધા-વ્યવસાયમાં આગળ વધતા ગયા. વકતૃત્વ એટલે કે વાતચીત કરવાની અને હસમુખા સ્વભાવની આદતે એમને બહોળું મિત્રમંડળ આપ્યું.

અમદાવાદના પટણી પરિવારના નીરુબહેન સાથે ઘર સંસાર માંડ્યો ૧૯૬૦માં... બાળકોના ઉછેરમાં ખુબ ધ્યાન આપ્યું અને વ્યવસાય પણ સાચવ્યો. સોના-ચાંદી ક્ષેત્રે ભાવનગરમાં સૌ પ્રથમ એવો એરકન્ડીશન્ડ શો રૂમ બનાવ્યો. પરંપરાગત રીતે એક જ જગ્યાએ નાણાવટી બજારમાં વ્યવસાય કરતા અન્ય લોકોને પણ કાર્યક્ષેત્રે વિસ્તારવા પ્રેરણા આપી.

અનેક સામાજિક-ધારામિક જ્ઞાતિગત સેવા સંસ્થાઓ જોડે જોડાયેલા રહ્યા. મોરારિ બાપુ - રમેશભાઈ ઓઝા, દેવી પ્રસાદ બાપુ તથા કૃષ્ણશંકર શાસ્ત્રી જેવા સંતો અને કથાકારોના આયોજનોમાં અગ્રેસર રહ્યા. પોતે પણ અનેક યાત્રાધામોનો પ્રવાસ કર્યો. દીકરા-દીકરીઓના લગ્ન કર્યા અને પોતે દાદા હોવાનું ગૌરવ પણ પામ્યા.

બધાના જીવનમાં આવે એમ મુશ્કેલીઓ - સંઘર્ષો અને પ્રશ્નો તો એમના જીવનમાં પણ આવ્યા પરંતુ પોતાની કોઠાસૂઝ-સ્વભાવની સરળતા અનુભવો દ્વારા મેળવેલા જ્ઞાન થતી એમણે માર્ગ કાઢી લીધો.

૭૫ વર્ષ પુરા થયાની ઉજવણી પ્રસંગે એમણે જ કહ્યું કે 'મારી પત્ની હોય કે પુત્રવધુઓ, મેં હંમેશા સુવિધાઓ સંદર્ભે ચાલશે - ફાવશે - ભાવશે નો અભિગમ રાખ્યો છે.' સામા પક્ષે એમના પત્ની નીરુબહેને કાકુભાઈને મીઠાઈ જેવા મીઠડા માણસ તરીકે ઓળખાવીને કહ્યું કે કડવા શબ્દો કયારેય બોલે જ નહીં.

આ અવસરને વધાવવા આવેલા કવિ અને કાર્યક્રમ સંચાલક તુષાર શુક્લએ પ્રસન્ન દાંપત્ય જીવન સંબંધે કહ્યું કે કોઈએ કોઈના જેવા નથી થવાનું, ધીરજ અનુકુલન અને સમર્પણ મહત્ત્વના છે.

પતિ-પત્નીના લગ્ન જીવનમાં I અને You ને Love જોડે છે. એકબીજાને સુખી જોવાની અને સુખી કરવાની સમજણ જો બંને પાત્રોમાં વિકસે તો પછી પાંચ-છ દાયકા આનંદમય પસાર થાય જ એવું અવલોકન રજુ કરતા તેઓએ કાકુભાઈ - નીરુબહેનને એનું આદર્શ ઉદાહરણ ગણાવ્યા હતા.

વાનપ્રસ્થાશ્રમના વિરામની અને સંન્યાસ્ત આશ્રમના આરંભની ક્ષણો ઉપસ્થિત સહુના માટે ઉત્સવ બની રહી હતી.



પ્રસન્ન દામ્પત્યના પ્રસંગને અને ૭૫ વર્ષ એક વ્યક્તિના - ઉજવણીના અવસરે સાક્ષી થવાનું બન્યું અને પ્રેમ પદારથ વિશે ચિંતન થયું. આખરે પ્રેમ જ બંને બાબતોમાં સૌથી વધુ પ્રદાન કરનાર બાબત બની રહે છે. વૃક્ષ-વેલીના જેમ એકબીજાને વળગીને રહેતા દાંપત્યમાં પ્રેમ અને સમર્પણના ફુલની સુગંધ પ્રસરે છે.

ઘણીવાર લોકો ઉંમર લાયક બને પરંતુ ઉંમરને લાયક ન બને એવું પણ જોવા મળે છે, એવા સમયે પોતાના કર્મો દ્વારા સમાજજીવનમાં શ્રેષ્ઠ ઈમેજ બનાવનારા વ્યક્તિત્વોના વધામણા થાય ત્યારે વડિલ વંદનાનો અવસર નવી જનરેશન માટે પ્રેરણાના દીવડા પ્રગટાવે છે અને આવા સાર્થકતાના અજવાળા જીવનની સાર્થકતાના અજવાળા રેલાય છે.

●●●

હળવે હળવે શીત લહરમાં
ઝૂમી રહી છે ડાળો
સંગાથે સુખ શોધીએ
રચીએ એક હૂંફાળો મારો

- તુષાર શુક્લ